જા.નં./મા-૨/100 Days Target/૨૦૨૨/૨૩૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૦૫/૦૧/૨૦૨૨

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેરની તમામ સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચ.મા.શાળાઓ તરફ,
જી.સુરત

૭૫ આઝાદી કા અમૃત મહોત્સવ

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

વહિવટ શાખા, બી-૪, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત

ફોન નં.૦૨૬૧-૨૬૫૫૧૫૧, ૨૬૬૦૦૨૧, ફેકસ-૨૬૫૫૭૫૭

Email:- collector-sur@gujarat.gov.in

56.vahivatsurat@gmail.com

નં.૫વડી/૧૦૦ દિવસ ટારગેટ/વશી. /૨૨, તા.૦૫-૦૧-૨૦૨૨

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત-સુરત

(૩) યોજના સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંડવી

(૪) તાલુકા વિકાસ અધિકારીશ્રી બારડોલી, પલસાણા, કામરેજ, ઉમરપાડા, માંડવી, મહુવા, ઓલપાડ, માંગરોળ, ચોર્યાસી

(૫) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત

**વિષય- સરકારશ્રીના '100 days target' અભિયાન હેઠળ સમાવિષ્ટ અનુસુચિત જનજાતિના ધો-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક સ્કોલરશીપ યોજનાની બાકી દરખાસ્ત ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શાળા તરફથી સમય મર્યાદામાં ઓનલાઇન મોકલી આપવા બાબત (વર્ષ -૨૦૨૧-૨૨)**

**સંદર્ભ – મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસ સુરતના પત્ર નં મક/આવિ/પ્રિ મેટ્રીક/૨૯ થી ૩૪/૨૨ તા.૦૫/૦૧/૨૨થી મળેલ વિદ્યાર્થીઓની યાદી**

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, આદિજાતિના ધો-૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રિ મેટ્રીક સ્કોલરશીપ યોજનાને સરકારશ્રીના '100 days target' અભિયાન હેઠળ સમાવિષ્ટ કરવામાં આવેલ છે. જેની પ્રગતિ અંગે સરકારશ્રી તરફથી અવાર નવાર સમીક્ષા કરવામાં આવે છે અને બાકી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સમય મર્યાદામાં ચુકવી ૧૦૦% સિધ્ધી હાંસલ કરવા સુચના આપવામાં આવે છે.

આ અંગે મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસ સુરતના સંદર્ભદર્શી પત્રથી થી સમગ્ર જિલ્લાના ૫૭૪૫ જેટલા બાકી દરખાસ્તવાળા વિદ્યાર્થીઓના ડેટા આપવામાં આવેલ. મળેલ ડેટા મુજબ હજુ પણ ૫૭૪૫ વિદ્યાર્થીઓ અંગે શાળા કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવાની બાકી છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) શાળા કક્ષાએથી સ્કોલરશીપની પ્રપોઝલ બનાવવાની બાકી હોય તેવા ૧૮૩૧ વિદ્યાર્થીઓ

| અનુ. નં. | તાલુકો | પ્રપોઝલ બનાવવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | બારડોલી | ૧૬૪ |
| ૨ | ચોર્યાસી + સુરત સીટી | ૫૨+૪૯૩ |
| ૩ | કામરેજ | ૪૧ |
| ૪ | મહુવા | ૯૪ |
| ૫ | માંડવી | ૩૮૦ |
| ૬ | માંગરોળ | ૮૧ |
| ૭ | ઓલપાડ | ૧૮૭ |
| ૮ | પલસાણા | ૧૭૬ |
| ૯ | ઉમરપાડા | ૧૬૩ |
| | કુલ | ૧૮૩૧ |

(૨) શાળા કક્ષાએ પ્રપોઝલ બનાવી હોય પરંતુ અત્રે ઓનલાઇન ફોરવર્ડ કરવાની બાકી હોય તેવા ૩૯૧૪ વિદ્યાર્થીઓ

| અનુ. નં. | તાલુકો | પ્રપોઝલ બનેલ પણ મોકલવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | બારડોલી | ૫૧૮ |
| ૨ | ચોર્યાસી + સુરત સીટી | ૯૧+ ૭૫૯ |
| ૩ | કામરેજ | ૧૫૪ |
| ૪ | મહુવા | ૮૩૦ |
| ૫ | માંડવી | ૭૨૨ |
| ૬ | માંગરોળ | ૫૨૦ |
| ૭ | ઓલપાડ | ૧૫૫ |
| ૮ | પલસાણા | ૧૬૨ |
| ૯ | ઉમરપાડા | ૩ |
| | કુલ | ૩૯૧૪ |

ઉપરોક્ત વિગતે મળેલ ડેટા તાલુકાવાર(સીટી તાલુકા સહિત) વિભાજિત કરી સોફ્ટ કોપીમાં આ સાથે રજુ કરેલ છે. જે ધ્યાને લઇ સબંધિત આચાર્યશ્રીઓ તરફથી જરૂરી કાર્યવાહી ઝુંબેશ સ્વરૂપે હાથ ધરવામાં આવે અને દિન-૨ માં બાકી વિદ્યાર્થીઓની દરખાસ્ત અત્રેની કચેરીને ઓનલાઇન મળી જાય તે રીતે મોકલવા જરૂરી કાર્યવાહી કરવી.

જેથી સરકારશ્રીના '100 days target' અભિયાન હેઠળની સદર યોજનાના તમામ વિદ્યાર્થીઓને સમય મર્યાદામાં શિષ્યવૃત્તિ ચુકવી શકાય અને ૧૦૦% સિધ્ધી હાંસલ કરી શકાય.

આ કામગીરી સંદર્ભે શાળાઓને કોઇ મુશ્કેલી જણાય તો મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી-સુરત ની કચેરી (ફોન નં.૦૨૬૧-૨૪૭૬૧૮૧) સી/૬, બહુમાળી મકાન નાનપુરા, સુરતનો સંપર્ક કર્યેથી જરૂરી નિરાકરણ કરવામાં આવશે.

બિડાણ- ઉપરોક્ત વિગતે જણાવેલ ૨ એક્સેલ ફાઇલ

નિવાસી અધિક કલેકટર
સુરત

નકલ રવાના-

(૧) મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ -સુરત તરફ જાણ સારૂ.